
**|| णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ||**

**|| आयओ गुरुबहुमाणो ||**

# યાદ આવે મોરી મા



પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ

શ્રીમદ્ વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

## પ્રિયમ્

**अहो श्रुतम्**

શા. બાબુલાલ સરેમલજી

સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મો. ૯૪૨૬૫૮૫૯૦૪

**ahoshrut.bs@gmail.com**

# હૈયા – ઠાલવણી

આજે છે તો ગુણાનુવાદ. પણ ગુણાનુવાદ કરવાની - પ્રવચન કરવાની હજી મારી સ્થિતિ નથી. છતાં વડીલોનો આદેશ અને ગુરુદેવનું નિમિત્ત, એટલે ના પણ ના કહેવાય. હું બોલીશ પણ પ્રવચન નહીં કરું. હું ફક્ત હૈયું ઠાલવીશ. હું ફક્ત વાત કરીશ. છતાં જો સમજી શકો, તો દરેક વાત ગુણાનુવાદ છે. દરેક વચન પ્રવચન છે.

લગભગ હું ન્યુટ્રલી - 'હું' ને મુકીને પ્રવચન કરવાનો પ્રયાસ કરતો હોઉં છું. 'હું' માં ઘણી બધી તકલીફ હોય છે. સારી વ્યક્તિ પણ વાસ મારતી હોય તો એ ખરાબ બની જાય છે. બધા એનાથી દૂર ભાગે છે. સારી વાત પણ જો 'હું' થી ગંધાવા લાગે છે, તો એ ખરાબ બની જાય છે. એનાથી દૂર રહેવું સારું લાગે છે.

**स्वहस्तग्रथिता माला स्वहस्तघृष्टचन्दनम् |**
**स्वहस्तलिखितं स्तोत्रं शक्रस्यापि श्रियं हरेत् |**


પોતાના હાથે ગૂંથેલી પોતાની જ માળા, પોતાના હાથે ઘસેલ પોતાના જ વિલેપન માટેનું ચંદન અને પોતાના જ હાથે લખેલ પોતાનું સ્તોત્ર એ ઈન્દ્રની શોભાને ય હરી લે છે.

આપણા કોઈ પણ મહાપુરુષોએ આત્મકથા નથી લખી. ઈતિહાસ-સંશોધકોને ખૂબ ફરિયાદો છે. આત્મકથા તો શું ? ગ્રંથપ્રશસ્તિમાં સંક્ષિપ્ત પરિચય પણ નથી લખ્યો. હજી આગળ વધીને, ઘણાએ નામ સુદ્ધા નથી લખ્યું. યાદ આવે ષષ્ટિશતક.


**लज्जंति जाणीयो हं णियणामगहणेण वि सप्पुरिसा |**

અમને ખબર છે, કે સત્પુરુષો પોતાનું નામ લેવાથી પણ શરમાય છે.

પણ આજે જ્યારે વાત જ 'મોરી મા' - ની કરવી છે, ત્યારે વ્યક્તિગત વાત સહજ રીતે આવવાની, છતાં સૂક્ષ્મદ્રષ્ટિએ જુઓ, તો એ પણ મા - ની જ વાત છે. કારણ કે 'વ્યક્તિ'માં જે 'ગત' છે, તે 'મા' જ છે.



# યાદ આવે મોરી મા



એક મા હતી. નખશિખ મા. એણે પ્રસવ કર્યો. એમાં પીડા ન હતી પણ પરિશ્રમ ખૂબ હતો. એ પરિશ્રમને ભૂલાવી દે એવી પ્રસન્નતા હતી. મા. એણે છાતીએ બઝાડીને દૂધ પાયા, એણે પોતાના બધા કામો છોડીને છાનો રાખ્યો. એણે નિત નવી રસોઈ જમાડી. એણે પીરસ્યું. એણે એના હાથે મોઢામાં કોળિયા મૂક્યા. બાળક જમતો ને એ ધરાતી.

# યાદ આવે મોરી મા




એણે નવડાવ્યો, એણે ધોવડાવ્યો, એણે ધવડાવ્યો, એણે રમાડ્યો, એણે લાડ લડાવ્યા, એણે ખખડાવ્યો, એણે તમાચો માર્યો ને એ ફરી ભેટી પડી.

એણે એના હાથે બધી ગંદકી સાફ કરી, ફરી બગાડ્યું ફરી સાફ કરી, ફરી બગાડ્યું ફરી સાફ કરી. વરસોના વરસો વીતી ગયા, બાળક કદી મોટો ન થયો, મા કદી થાકી નહીં.

# યાદ આવે મોરી મા



મા. આખી જિંદગી કાંખમાં ઉચકીને ફરી. બાળ નાદાન જ રહ્યો. મા બહુ ગમતી. મા વિના રહેવાતું નહીં. માને બાળક વળગતો, સાથે માને બાળક હેરાન પણ કરતો. બાળક દલીલ કરતો, મા ને ન ગમતું. 'મા ને ન ગમ્યું' એનો બાળકને ડંખ સતાવતો. મા પાસે ઊંચા અવાજે બોલવું કે સામે બોલવું - ત્યાં સુધી ઉતરવા જેવો તો બાળક અભાગિયો ન'તો બન્યો. પણ જુદો અભિપ્રાય આપવો એ ય સૂક્ષ્મ દ્રષ્ટિએ સામે બોલવા જેવું ન કહેવાય ?




# યાદ આવે મોરી મા

બાળક મા સાથે મા - ની સાથે વર્તાય એમ જ વર્ત્યો. કરવામાં બાળક એમને ગુરુ માનતો રહ્યો. ગુરુની ઈચ્છા હશે એ જ થશે. એ જ થવું જોઈએ અને એ જ કરીશ. કહેવામાં બાળક એને મા માનતો રહ્યો. જે લાગે એ કહેવાય, ખુલ્લા દિલથી કહેવાય. એમાં અતિ વિનયનું આવરણ લગાડી જે પોતાને નથી લાગતું એવું કહેવું, સારું લગાડવા કહેવું, સારા સાબિત થવા કહેવું એ બાળકને કદી ફાવ્યું નહીં. આમાં એવું બને કે મા ને કોઈ વાત ન ફાવે, પણ મા ને બાળક ફાવતો હતો. બાળકને રમાડતા એની લાત વાગી જાય, તો ય લાડ લાગે એ જ તો માતાનું માતૃત્વ હોય છે.

# યાદ આવે મોરી મા

માએ ભણાવ્યો, માએ ગણાવ્યો, માએ કંઈક લાયક બનાવ્યો. લોકોને એ 'કંઈક લાયક'માં ભગવાન દેખાયા. જો આટલામાં ભગવાન લાગે, તો ભૂંડાને 'આવા લાગવા' સુધી લઈ જનારમાં શું લાગવું જોઈએ? લોકોને બાળકમાં સારા વક્તા દેખાયા. પણ એક મા બાળકને બોલતો કરવા જે મહેનત કરે, એના કરતા લાખગણી મહેનત જિનવાણી બોલતો કરવા માટે કરવી પડતી હોય છે - એની લોકોને ખબર ન હતી. બોલનારા દેખાય છે, બોલાવનારા દેખાતા નથી. ચાલનારા દેખાય છે, ચાલ દેખાય છે. બંને હાથ પકડીને પ્રેરણા, પ્રોત્સાહન અને પીઠબળ આપી આપીને ચલાવનારા દેખાતા નથી. લખાણ અને લેખક દેખાય છે, પણ લેખક પોતે કોઈનું લખાણ હોય છે એ નથી દેખાતું. લેખકના લેખક દેખાતા નથી.



# યાદ આવે
# મોરી મા



બાળક ખુદ મા-ની ચોપડી હતું. જીવતી ચોપડી - હસ્તલિખિત ચોપડી - જેને મા-એ પોતાના લોહીની શાહીથી લખી, ઉજાગરા પણ કરીને લખી, માંદગીમાં ય લખી, નબળાઈમાં ય લખી, ને સો કામ મુકીને ય લખી. મા-ના શબ્દો, મા-ની શૈલી મા-ની અક્ષરમરોડની કળા, મા-નું માધુર્ય, મા-ની પ્રસ્તુતિ -- બધું જ લા-જવાબ. છતાં કાગળ હલકો હતો એટલે જોઈએ એવો ઉઠાવ ન આવ્યો. પણ લોકોને કશી ખબર નથી એટલે તેઓ એમ કહે, કે આથી વધુ ઉઠાવ તો શું હોઈ શકે ?

# યાદ આવે મોરી મા

બાળકને તો ખબર છે, એટલે ૧૦૦% માને છે કે આપણો ઉઠાવ તો રદ્દીની સાથે કિલોબંધ વેંચાવા જેટલો છે. છતાં આપણે વેંચાવાની બદલે વંચાઈ રહ્યા છીએ એમાં કારણ ફક્ત એ મા-ની હસ્તકળા અને હૈયાકળા છે.

મા-એ ખૂબ જહેમતથી ચોપડી લખી. લહિયાઓ ખૂબ પરિશ્રમ લઈને હાથપોથી લખતા. એમાં જે કષ્ટ પડતું એનું છેલ્લે વર્ણન કરતા -

**भग्ना पृष्ठि: कटिग्रीर्वा ....**


આ પોથી લખતા અમારી પીઠ, કમર અને ડોક જાણે ભાંગી ગઈ હોય, એટલી દશાની પીડા અમે ભોગવી છે.



# યાદ આવે મોરી મા


મા-ની પીડા કદાચ મા જ જાણતી હશે. એક શ્લોકમાં અમુક વ્યક્તિઓ બીજાની પીડા નથી જાણતા એવું કહ્યું છે- તેમાં એક વ્યક્તિ તરીકે 'બાળક'ની પણ વાત છે..

**परपीडां न जानन्ति ।**



મા- ની હોંશ....ધગશ....લાગણી....કરુણા....વાત્સલ્ય.... નિ:સ્વાર્થ હિતબુદ્ધિ - આ બધામાં પીડાની પ્રતીતિને અવકાશ જ ન મળ્યો. મા હોંશથી લખે જ ગઈ, લખે જ ગઈ. છે'ક સુધી લખે ગઈ.





લહિયાઓ પોથીનું જતન કરવાની ખાસ પ્રેરણા લખતા હોય છે.

**जलाद्रक्षेद ॰ रक्षेत् शिथिलबन्धनात् ।**

અમે ખૂબ મહેનત કરીને આ પોથી લખી છે. તમે એને પાણીથી બચાવજો, જીવ-જંતુથી બચાવજો, ઉધઈથી બચાવજો, શિથિલ-બંધન (ઢીલું બાંધવા)થી બચાવજો.

લહિયાને પોથી લખવાની જવાબદારી હોય છે, સાચવવાની નહીં. લહિયા સાચવવાની સૂચના આપીને છૂટ્ટા થાય છે. મા કદી પણ છૂટ્ટી ન થઈ. છેલ્લા શ્વાસ સુધી નહીં. મા-એ પોતે જ પોથીને મોહજળથી બચાવી, કષાયોના કીડાઓથી બચાવી, વિષયોની ઉધઈથી બચાવી અને સંયમની શિથિલતાથી બચાવી. મા એ પોથીને ક્યાંય રેઢી તો ન મુકી, છાતીથી અળગી પણ ન કરી. મા-ના રોમે રોમે સતત એક સંવેદના રણઝણતી રહી. 'મારી પોથીને કાંઈ થવું ન જોઈએ.'

# યાદ આવે મોરી મા

પોથીને સાચવવા જ્ઞાનભંડારમાં મુકવામાં આવે છે. પોથીમાં ઘોડાવજનો પાવડર મુકાય છે. પોથીનું સારી રીતે પેકિંગ કરવામાં આવે છે. મા-એ સતત એ કાળજી કરી કે મારી પોથી હંમેશા ગુરુકુળવાસના જ્ઞાનભંડારમાં સુરક્ષિત રહે. મા પોથીમાં નિયમિત વૈરાગ્યના ઘોડાવજનો પાવડર પૂરતી ગઈ. મા-એ પરિણતિનું પેકિંગ કરવામાં કોઈ કસર ન છોડી.

પોથીને વાંચનારા જ્યારે બોલી ઉઠે કે "વાહ, શું પોથી છે !" ત્યારે પોથીને આ વાત બહુ વિચિત્ર લાગે છે.

"વાહ, શું મા છે!" - આવું બોલવાનું હતું એની બદલે આ શું બોલ્યા ?



# યાદ આવે મોરી મા

મા માળી બની. અરમાનો સાથે એણે વાવેતર કર્યું. વાડ કરી, એના લોહીનું પાણી સિંચ્યું, માંસનું ખાતર નાખ્યું, પશુઓથી એની રક્ષા કરી. છોડ ઊગવા ને પાંગરવા લાગ્યો, મા હરખાવા લાગી. એની આંખોમાં શાબાશી હતી. એના સ્મિતમાં સફળતાનો અહેસાસ હતો. નવા નવા પાન આવતા ગયા ને એ માવજત કરતી ગઈ. છોડનો કણ કણ એની માવજતને આભારી હતો. હકીકતમાં મા જ વાવેતર હતી, મા જ સિંચન હતી, મા જ ખાતર હતી, મા જ વાડ હતી, મા જ સૂર્યપ્રકાશ હતી, મા જ પવનની લહેર હતી, મા જ છોડનું અસ્તિત્વ હતું.



# યાદ આવે મોરી મા




આજે એકાએક છોડ અસ્તિત્વ વગરની કઢંગી દશામાં આવી ગયો. એનું બધું જ જતું રહ્યું. હજી એ દેખાય લીલો, પણ એની જીવાદોરી કપાઈ ગઈ. અધ્યાત્મસારના શબ્દો યાદ આવે -

**विधववनितायौवनमिव**

- સ્ત્રી છે, રૂપાળી છે, યુવાનીમાં છે, ફક્ત (!) એ વિધવા છે. કેવી હશે એની વેદના ! કેવી હશે એ કઢંગી દશા ! એજ છોડ પહેલા જાણે ઝુમી રહ્યો હતો, એ હવે જાણે માથું કુટતો હોય એવો લાગવા લાગ્યો.

# યાદ આવે મોરી મા



બાળક હજી ખૂબ ભૂખ્યો હતો, મા ધવડાવી પણ રહી હતી, પણ ધવડાવતા ધવડાવતા એકાએક મા એ વિદાય લઈ લીધી. બાળક એક જ સેકન્ડમાં ખોળો, હુંફ, વાત્સલ્ય, ધાવણ - બધું જ ગુમાવી બેઠો. એ હબક ખાઈ ગયો, ડઘાઈ ગયો, ને એ ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો.



# યાદ આવે મોરી મા

એ દિવસોની વાત. બાળક મા - ની ડોળી પાછળ દોડતો હતો. ઉપધિ હજી સેટ ન'તી થઈ એટલે કંઈક ને કંઈક છૂટી જતું હતું. પણ એ બાંધવા ઊભો રહે એટલે ડોળી આગળ નીકળી જાય. પછી તો આખા વિહારમાં ભેગા ન થવાય. પછી મા છે'ક મુકામે મળે. એટલે બાળક છૂટી પડેલી / ઢીલી પડેલી ઉપધિને કોણી, હાથ, ખભાથી સાચવી લેવાના પ્રયાસો કરતો ને ઝઝુમી ઝઝુમીને મા - ની સાથે રહેવા દોડે જતો. ક્યારેક એવું પણ થતું કે એટલી બધી ઉપધિ છૂટી ગઈ હોય કે કોઈપણ હિસાબે ઊભા રહીને એને બાંધે જ છૂટકો હોય, ત્યારે બાળક ન છૂટકે ઉપધિ બાંધવા ઉભો રહેતો. એ લાચાર આંખે ડોળીને જતી રહેતી જોઈ રહેતો. એનું બધું જઈ રહ્યું હોય, એવું એને લાગતું. એનો બાકીનો વિહાર બગડી જતો. એના પગ ઢીલા પડી જતા, પછી એ જાણે ઢસડાતો ઢસડાતો વિહાર કરતો. હવે આખા રસ્તે મા નહીં મળે, છે'ક ગામમાં પહોંચીને મળશે, એ વાત એને કોરી ખાતી.




# યાદ આવે મોરી મા

હમણાં બાળક ઉપાશ્રયની એક બારીએ ઊભો હતો. નજર સામે મા - ની પાલખી જઈ રહી હતી. લાચાર આંખે બાળક એને જોઈ રહ્યો હતો. પહેલા ઉપધિ છૂટી રહી હતી, હવે જાણે સાંધા છૂટી રહ્યા હતા. બાળક જઈ રહેલી પાલખીને જોતો રહ્યો. એનું બધું જ લૂંટાઈને જઈ રહ્યું હતું. હવે આખા રસ્તે મા નહીં મળે - એ સત્યની કડવાશ એને પજવી રહી હતી. પહેલા બાકીનો વિહાર બગડી જતો. હવે બાકીની જિંદગી બગડી જવાની. ઢસડાઈ ઢસડાઈને ચાલવાનું. પહેલા એટલું નક્કી હતું, કે ગામમાં પહોંચીને તો મા મળવાની જ. હવે એ જ ખબર નથી કે મા કયા ગામે ગઈ છે ? માને ક્યાં શોધવી ?

# યાદ આવે મોરી મા

એ દિવસોની વાત. મા - ને રાતે ઊંઘ ન'તી આવતી. સ્થાનફેર કરવા માટે મા નજીકના બીજા સ્થાને રાતવાસો કરવા જતી. સાંજે જતી, સવારે પાછી આવતી. બાળક વળાવવા જતો. સો ડગલા ચાલીને ઊભો રહેતો. મા - ને જતી જોઈ રહેતો. એની આંખમાં આંસુ આવી જતા. એક રાતનો ય મા - નો વિયોગ એને અઘરો પડતો. હવે આખી જિંદગી રાત બની ગઈ. પછી પણ રાત હશે કે સવાર એનો ભરોસો નથી.





# યાદ આવે મોરી મા

એ દિવસોની વાત, મા એ કોઈ પ્રસંગે ૧૨૫ / ૨૫૦ કિ.મી. જઈને પાછા ફરવાનું હોય. મા - ની ઈચ્છા હતી કે બાળક આટલું બધું ચાલ ચાલ કરવાને બદલે સરસ ભણે - સરસ લખે. બાળક મા - નો આદેશ સ્વીકારતો ને પછી ખૂબ રડતો. કારણ હવે મહિના / દોઢ મહિના / ત્રણ મહિના સુધી મા નહીં મળે. આજે બાળકના મનને એક પ્રશ્ન કોરી ખાય છે. મા હવે ક્યાં સુધી નહીં મળે ?

બાળક મા ખાતર ઝુર્યો. એણે ત્રણ દિવસ કશું ખાધું નહીં. બધા એના પારણાની વાત કરતા હતા. એ સાંભળીને બાળકના મનમાં એવું થતું હતું, કે હવે તો જ્યારે મા પાછી મળશે ત્યારે ખરું પારણું થશે.

ઉપવાસ નો શાબ્દિક અર્થ થાય છે નજીક રહેવું. બાળક મા - થી દૂર રહેવા-સ્વરૂપ ઉપવાસ કરી રહ્યો છે. એ આશાએ કે મા આવશે ને એનું પારણું થશે.

# યાદ આવે મોરી મા

મા નું શરીર જીર્ણ થઈ ગયેલું, ખખડી ગયેલું, રોગ અને પીડાનું ઘર બની ગયેલું, મા- ને હવે વિધિપૂર્વક એને છોડી દેવું હતું. ઝૂંપડું છોડીને રાજમહેલમાં જવાનું હતું. પણ બાળકનું મન માનતું ન હતું. બાળક આવું સ્વીકારવા પણ તૈયાર ન હતો અને વિચારવા પણ તૈયાર ન હતો. બાળકના વિચારો મા - ને ફરી જુવાન અને નિરોગી બનાવી દેવાના હતા. ના, બાળક તો મા - ને જુવાન જ માનતો હતો. બસ, રોગ જતા રહે અને વાત પૂરી. રોગ વકરતા ગયા. મા - ને હવે શરીર છોડી દેવું હતું. બાળક એના માટે હરગીઝ તૈયાર ન હતો. બાળક કેટલો સ્વાર્થી !


અત્યારે બાળકના મનમાં આખું ય બાળપણ તરવરી રહ્યું છે. ક્યારેક ક્યારેક કરેલી નાદાનીઓ એને ખૂબ જ ખટકી રહી છે. એના મનમાં ફરી ફરી એક વાત ઉઠી રહી છે. "મા ! તે મને તારો પુત્ર બનવાનો ચાન્સ આપ્યો, તારો ખૂબ ઉપકાર. હજી એક ચાન્સ આપીશ ? તારો સુપુત્ર બનવાનો? પ્લીઝ ... એક ચાન્સ !!!



# યાદ આવે મોરી મા

ગયા વર્ષે બાળક ગચ્છાધિપતિશ્રીની પાલખીમાં ગયો હતો. સ્ટેજ પર બેઠા બેઠા એને એવું લાગતું હતું, કે એક યુગ પૂરો થઈ ગયો. અત્યારે બાળકને એવું લાગી રહ્યું છે કે જાણે જિંદગી પૂરી થઈ ગઈ. એ તો મા - નો અર્થ જ જિંદગી કરતો હતો.

બાળકને મા - એ છેલ્લા દિવસોમાં કહ્યું હતું. 'હું કહું છું કે મને નવકાર આપો અને પાણી આપો. પણ આ લોકો માનતા નથી. મા - ની વાતમાં ફરિયાદ હતી, બાળક મા - નો પક્ષ લે અને એને ખોરાક આપવાનો બધાનો આગ્રહ છોડાવે, એવી એની અપેક્ષા ય હતી. પણ બાળક તો બધાના પક્ષમાં હતો. એથી ય આગળ વધીને હજી દશકા સુધી તો મા - ને કશું નથી થવાનું, એવો એને દ્રઢ વિશ્વાસ હતો. માટે જ 'હવે મારા છેલ્લા દિવસો છે.' એવી મા - ની વાતને બાળકે હસવામાં કાઢેલી.



# યાદ આવે મોરી મા



પણ સાથે સાથે બાળક મા - ની ઈચ્છાનુસાર એને અંતિમ આરાધના ય કરાવતો ને એની ટેવ મુજબ સલાહ પણ આપતો. સારી અંતિમ આરાધના કરવા માટે શું કરવું જોઈએ એની ઘણી વાત કરતો. બાળક એવા ગ્રંથોના સ્વાધ્યાય માટે ખાસ સૂચન કરતો. પણ ત્યારે મા - ની ઈચ્છા સ્તવનાદિ સાંભળવાની હતી. એક રાતે બાળક મા - ને સ્તવન સંભળાવતો હતો, ત્યારે મા - એ સામેથી કહ્યું "સ્તવનો સાંભળી લીધા, હવે પયન્ના આગમો સાંભળવા છે."





## યાદ આવે મોરી મા

અંતિમ આરાધનાના અર્ક જેવા પયન્ના આગમો.... આઉરપચ્ચકખાણ, ભત્તપરિણ્ણા, ચઉસરણ પયન્ના, ચંદાવિજ્જય પયન્ના, આરાધના પયન્ના, મરણસમાધિ પયન્ના.... લગભગ હજાર ગાથા જેટલું બાળકે મા - ને સંભળાવ્યું. બાળકને એમ કે મૂળ તો મા - ને નહીં ફાવે, એણે થોડી વાર ફક્ત અનુવાદ ચલાવ્યો. મા - એ કહ્યું, "ગાથા પણ સારી હોય છે. ગાથા સાથે અનુવાદ બોલ." મા - ના છેલ્લા મહિનાની આ વાત છે. આગમોની મૂળ ગાથાઓ અને તેનો અનુવાદ મા - એ સાંભળ્યો. આ તો એક નાનો ભાગ જ હતો. મા -ના ઘણાં બાળકો મા - ને આખી રાત એક-એક કલાક વિવિધ સમાધિપ્રદ વસ્તુઓ સંભળાવી રહ્યા હતા.

મરણસમાધિ ૫૨૫ / ૫૫૦ ગાથા સુધી થયું, પછી મા - ની તબિયત વધુ લથડી. ૧૦૦-૧૨૫ ગાથા બાકી રહી. મરણસમાધિ અધુરી રહી, પણ મરણસમાધિ પૂરી મળી.

# યાદ આવે મોરી મા

યાદ આવે મોરી મા

લગભગ ૧૬ વર્ષ પહેલા બાળક રાણકપુરમાં સમૂહ ચૈત્યવંદનમાં સ્તવન બોલી રહ્યો હતો. ચોમુખજીના આગલા ભગવાન પાસે મા બેઠી હશે. એણે જોયું હશે, સાંભળ્યું હશે, એને ગમ્યું હશે. એ દિવસે મા - એ બાળકને કહ્યું, "મને સમાધિ આપજે." બાળકે કહ્યું, "આપ તો પોતે જ સમાધિમાં છો ને !!" મા તરત બોલી, "એમ કહીને છૂટી જવાનું !"

મા ગઈ એની આગલી રાતે બાળક મા પાસે હતો. શ્રાવકો સ્તવનાદિ સંભળાવી રહ્યા હતા. શ્રાવકોએ બાળકને વિનંતી કરી, "આપ પ્રકાશો." બાળકે એક સ્તવન સંભળાવ્યું .... દાદો પાસજી સુખદાઈ. મા ઘેનમાં કે ઊંઘમાં હતી. થોડી વાર પછી મા જાગી. માને પડખું ફેરવવું હતું. બાળક અને શ્રાવકોએ પ્રયાસ કર્યો પણ એ અઘરું લાગ્યું. મા ને થોડી ફેરવી, એક પડખે તકિયા જેવું મુક્યું. માને એનાથી સારું લાગ્યું. બાળકે મા - ના માથે પ્રેમથી હાથ ફેરવી કહ્યું, "ગુરુ મહારાજ, આપે મને કહ્યું હતું ને મને સમાધિ આપજે...." બાળકે મા - ના માથે હાથ ફેરવતા ફેરવતા આગમિક ગાથાઓ અને તેના અનુવાદો દ્વારા સંક્ષિપ્ત અંતિમ આરાધના કરાવી. જે પ્રાયઃ છેલ્લી હતી. ત્યાર બાદ છે'ક સુધી નવકાર જાપ, સીમંધરસ્વામી જાપ અને અરિહંત જાપ સંભળાવવામાં આવ્યો હતો. આ પણ બાળકના કઈંક સંતોષની વાત છે, બાકી મા – ના બીજા બાળકોએ અનેકગણી સમાધિ આપી હતી.





# યાદ આવે મોરી મા

બાળક માને ઘણા દિવસોથી એમ કહેતો હતો કે "આપને છે તો ઘણા વર્ષો બાકી, પણ આપે અત્યારથી આત્મામાં ડુબવું જોઈએ. હવે બધી પ્રશસ્ત જવાબદારી પણ છોડી દેવી જોઈએ." બાળક મા - ને પૂર્ણ નિર્લેપ બનવાની શાણી સલાહ આપી રહ્યો હતો. પણ છેલ્લા દિવસોમાં જ્યારે મા ખરેખર પૂર્ણ નિર્લેપ થઈ ગઈ, ત્યારે બાળકને ભયંકર આકરું પડી ગયું હતું. એને મા ઝૂંટવાતી લાગતી હતી. એને ઊંડે ઊંડે એવી લાગણી થતી હતી, કે 'ના, મા આમ એકદમ નિર્લેપ ન થઈ જવી જોઈએ.' પાણીની મોટી મોટી વાતો કરવી સહેલી છે, પગ નીચે રેલો આવે ત્યારે ખરી ખબર પડે.



# યાદ આવે મોરી મા



છેલ્લી રાતની વાત છે. બાળક સામૂહિક જાપમાં જોડાયો હતો. એ મા - ની સામે જ બેઠો હતો. આઠ - સવા આઠ થયા. બાળકને થયું કે પાછલી રાતે ઓછા જણ હશે, ત્યારે વધુ લાભ મળશે. ૧૨ / ૧ વાગે પાછા આવવાની ગણતરીએ બાળક ઉપર સૂવા ગયો. બાળકની રૂમ મા - ની ઉપરના ભાગે જ હતી. સૂતા સૂતા જાપ સંભળાતો હતો. પોણો - એક કલાક થયો, બાળક સૂતો - જાગતો હતો. અચાનક સીમંધરસ્વામીના હળવા જાપની જગ્યા અરિહંતના તીવ્ર જાપે લીધી. બાળકને આશંકા થઈ, એ ઉભો થઈ નીચે આવ્યો. એક શ્રાવકે કહ્યું, "હું આપને બોલાવવા જ આવતો હતો."

# યાદ આવે મોરી મા



આશંકા સાચી હતી. ફટાફટ આખો હોલ ચતુર્વિધ સંઘથી ભરાઈ ગયો. મા ની સ્થિતિ ગંભીર હતી. અરિહંતની ધૂન તીવ્રતા સાથે ચાલી રહી હતી. બાળક આનો અર્થ સમજતો હતો, પણ હરગીઝ સ્વીકારતો ન હતો. બાળકની ઈચ્છા હતી આ સ્થિતિ સામે લડીને એને ભગાવી દેવાની.





# યાદ આવે મોરી મા

ઘણા વર્ષો પહેલા બાળકને એની મા એ એક ખાસ મંત્ર આપ્યો હતો. એ મંત્ર મા - ના પોતાના આરોગ્ય માટે હતો. પ્રાય: એ સૂરિમંત્રનો અંશ હતો. મા - એ બાળક પાસે એનો જાપ કરાવ્યો હતો. બાળક તીવ્ર પ્રણિધાન સાથે એનો જાપ કરવા લાગ્યો. સામે ઓક્સિજનનો આંકડો હતો, એ નીચે જાય એટલે બાળકનો શ્વાસ ઊંચે જાય. એ હજી તીવ્ર પ્રણિધાન સાથે જાપ કરે.

૫૫ આસપાસ આવી ગયેલ એ આંકડો ૮૦ આસપાસ આવી જાય. મૂળ કારણ તો મા - નું આયુષ્ય. બીજા કારણો ય હશે. એવું બને કે બીજા જ કારણો હોય, પણ બાળકને એના જાપ પર ખૂબ વિશ્વાસ બેઠો. ને એ તીવ્ર પ્રણિધાનથી જાપ કરતો રહ્યો.

ઉતાર-ચઢાવ નો આ ક્રમ અનેકવાર ચાલ્યો. અનુભવી વ્યક્તિઓ ચકિત થઈને મીટરને જોતી રહી. પાછળથી વોર્ડબોય - ભાઈએ કહેલ "ઓક્સિજનનો આંકડો નીચે ગયા પછી પાછો ઉપર ચડે એવું મેં મારી જિંદગીમાં પહેલી વાર જોયું. બાકી બધાનો આંકડો એક વાર નીચે ગયા પછી નીચે નીચે જ જતો હોય છે."




## યાદ આવે મોરી મા

આ રીતે ફરી ફરી ચઢાવ થવાથી કેટલાક જણ સૂવા ગયા, બાળકને પણ એક-બે જણે સૂવા જવા કહ્યું. પણ બાળક ક્યાંથી સૂવા જાય ? એની પાસે તો એટલું સાંભળવાનો ય અવકાશ ન હતો. સતત પ્રાય: સવા પાંચ કલાક સુધી બાળક આ કરતો રહ્યો.

વચ્ચે એક વાર બાળકે એના ભાઈને મા - ના કાન પાસે જઈને જાગૃત રહેવા - સાવધાન રહેવાનું કહેવા મોકલેલ. હવે બાળકે બીજી વાર એના ભાઈને મોકલ્યા. ભાઈએ મા - ના કાન પાસે જઈને કહ્યું, "ગુરુ મહારાજ ! સાંભળો છો ને ? અરિહંતમાં જ મન રાખજો હો !" ને એ જ ક્ષણે મા - એ છેલ્લો શ્વાસ છોડી દીધો. ત્યારે મર્યાદિત જણ હાજર હતા. અરિહંતની ધૂન ચાલુ જ હતી.

યાદ આવે મોરી મા



# યાદ આવેમોરી મા

યાદ આવે મોરી મા



ડોક્ટરને ચેક કરવા બોલાવાયા. સૂવા ગયેલા બધા દોડી આવ્યા. હવે અરિહંતની તીવ્રતમ ધૂન ચાલુ થઈ. બધું ચેક કરીને ડોક્ટરે પરિણામ કહી દીધું - બાળકનો જીવ જતો રહ્યો હતો.



# યાદ આવે મોરી મા

બાળકને ખબર છે કે અહીં કશો કસ નથી, દુર્ગંધી વાતાવરણ છે, તીર્થંકર નથી, સમવસરણ નથી, મા અહીં આવીને શું કરે ? મા - ને તો નંદીશ્વરદ્વીપ ગમે, મહાવિદેહ ગમે, દેવલોકના શાશ્વતા - અશાશ્વતા જિનાલયો ગમે. મા શા માટે અહીં આવે ? મા અહીં આવવા સમુદ્ઘાતનો શ્રમ કરે - એવું પણ બાળકથી વિચારાય ખરું ? બાળક કદી એમ વિચારી શક્યું હતું ? કે મા નીચેના માળેથી મારી પાસે - ઉપરના માળે - જ્યાં હું બેઠો છું, ત્યાં મને મળવા આવે ? જો મા માટે આવું ન વિચારાય, તો પછી મા માટે એવું કેવી રીતે વિચારાય કે એ છે'ક સ્વર્ગથી મળવા આવે, એ ય આવા ઠેકાણા વગરના બાળકને ? બાળક બધુ સમજે છે પણ બાળક બહુ સ્વાર્થી છે.



# યાદ આવે મોરી મા



છગન એક વાર ડોક્ટર પાસે ગયો. ડોક્ટરે ચેક કરી કહ્યું, "તમને સંધિ વા થયો છે, લો આ દવા, બે ગોળી રોજ ત્રણ ટાઈમ લેવાની અને આરામ કરજો." છગને કહ્યું, "ભલે." છગન જવા જતો હતો, ત્યાં ડૉક્ટરે કહ્યું, "આ દવાથી મટે છે કે નહીં એ મને કહી જજો. મને પણ હમણાં સંધિ વા થયો છે."

બાળક મા - ના મનોવિનોદ માટે ક્યારેક ક્યારેક છગન-મગનનો જોક કહેતો. બાળકે છેલ્લો જોક કહ્યો એ આ હતો. મા જરા હસી હતી.

# યાદ આવે મારી મા

બાળકનો સ્વભાવ સંકુચિત રહ્યો. એને જમણ વગરના પ્રવચનો ફાવતા ને પ્રકાશન વગરના પુસ્તક લેખન ફાવતા. હું કોઈને બોલાવું નહીં - આવી કહેવાતી ટેક એણે સાચવી રાખી. પૈસા નહીં માંગવા ને સામેથી આપતા હોય તો પાછા કાઢવા - આના લોભમાં બાળક અટવાયો. પણ આની સામે મા - એ બાળકમાં જે શક્તિ જોઈ હતી, મા - ને બાળક પાસે જે જે સ્વપ્નો સાકાર કરવાની અપેક્ષા હતી, મા જે રીતે બાળકની શક્તિ બધે છવાઈ જાય એવું ઈચ્છતી હતી - એ બધું જોઈએ એવું સાકાર ન થયું. હવે કદાચ બાળક ગમે તેટલું કરી પણ લે, મા - ની ઈચ્છાની અધુરાશ એને ડંખતી રહેશે. મા - ની એક એક ઈચ્છાને સંપૂર્ણપણે પૂરી કરીને એના આનંદને જોવા - એના સંતોષને અને એની પ્રસન્નતાને જોવા આ બાળક અભાગિયો બની રહ્યો.



# યાદ આવે મોરી મા



બાળક સ્કુલમાં ભણતો હતો ત્યારે ૧૨ - ૧૩ વર્ષની ઉંમરે ઈંગ્લીશમાં કવિતા - જોડકણા બનાવતો હતો - **Elephant is fat, like a jumbojet....**વગેરે. દીક્ષા પછી બાળકે એક કવિતા બનાવી હતી - **Guru Maharaj, for your little smile, I'm ready to die.**

બાળક ભણવામાં હોંશિયાર હતો, પણ પ્રસ્તુત વિષયને ગંભીરતાથી ભણવાનું એના સ્વભાવમાં ન હતું. એ સ્કુલની પરીક્ષા વખતે બીજી ધાર્મિક ચોપડી વાંચતો. **S.S.C.** ની પરીક્ષાના દિવસોમાં એ કલાકો સુધી હોળી રમતો હતો. પરીક્ષા દેવા જતા એને જરા થડકો રહેતો, શું થશે ? મેં કાંઈ તૈયારી નથી કરી. છતાં, ક્ષયોપશમના કારણે સારું પરિણામ આવતું. લગભગ ત્રીજો નંબર હોય. રિઝલ્ટ જોઈને બાળકને થતું - પહેલો નંબર મેળવવો તો મારા માટે બહુ જ સહેલો હતો.

# યાદ આવે મોરી મા


બાળક મુમુક્ષુ બન્યો. જોયું, મા હું ભણું એનાથી ખુશ છે, ને બાળક મચી પડ્યો. બસ મારે મા - ની ખુશી જોઈએ...મા ખૂબ ખુશ થતી... બાળક ઓર જોશથી મચી પડ્યો. પછી તો એનો સ્વભાવ જ સ્વાધ્યાયશીલ બની ગયો. બાળક જે ભણ્યો, એમાં મા - નો જ પ્રભાવ. નહીં તો એનો મોટા ભાગનો ક્ષયોપશમ એમ ને એમ કટાઈ ગયો હોત.

બાળકે ખેંચીને ય ઓળીઓ કરી. મા - ને ખુશ કરવા. બાળકની જાપની રૂચિ ઓછી છતાં મા - ની ઈચ્છાથી વિરાટ જાપો ય કર્યા. મા - ને ખુશ કરવા. બીજા કામો મુકી પહેલા મા - નું કામ કરવું, ને મા - ને આશ્ચર્ય થાય એટલું જલ્દી રિઝલ્ટ આપી દેવું એ બાળકનો સ્વભાવ બની રહ્યો. છતાં અત્યારે બાળકને મા - ના અમુક કાર્યો યાદ આવે છે, જે ભલે ઓછા છે પણ અધુરા છે. જેમાં તપ - જપ - સ્વાધ્યાય જેવી સ્વાધીનતા ન હતી, કદાચ એ માટે જ પૂરા ન થયા. એમાં શ્રાવકોની અને પૈસાની સાપેક્ષતા હતી. બાળક એના સ્વભાવ મુજબ એ સાપેક્ષતા પૂરી ન કરી શક્યો. બીજું ઘણું કર્યું. મા- ની ઈચ્છા ખાતર કર્યું. એની પ્રસન્નતા ખાતર કર્યું. એને રાજી જોઈને રાજી થયો. આટલું કર્યા પછી જે બાકી રહ્યું એનો આઘાત બાળકને ટીપી રહ્યો છે.



યાદ આવે મોરી મા

# યાદ આવે મોરી મા



આ વર્ષે મા ના પરિવારમાંથી ચાર-ની વિદાય થઈ. ચોથી મા પોતે હતી. જો બાળકનો નંબર આગલા ત્રણમાં હોત, તો એને આ બધું ન જોવું પડત.



# યાદ આવે
# મોરી મા

મા ઘણી વાર સામે ચાલીને બાળક સાથે કોઈ ને કોઈ વિચારણા કરતી. બાળકની શૈલી આવી રહેતી - "આપ રાજા છો, આપ ઈચ્છશો એ જ થશે. ફક્ત - મને આવું લાગે છે." રાજા શબ્દ સાંભળી મા સરસ સ્મિત કરતી.

મા છે'ક સુધી રાજા રહી. મા - ને નિવૃત માનનારાને કશી ખબર ન હતી. બધી ચાવીઓ મા - ના હાથમાં હતી. મા - ની ઈચ્છા વિના મા - નો તો એકે વિહાર ન થાય, બીજાનો ય એકે વિહાર ન થાય. છે'ક સુધી બધું જ મા - એ નક્કી કર્યું છે. મા - ની વિદાયમાં એકે ય બાળક સમ્મત ન હતું, છતાં વિદાય થઈ, કારણ કે મા - એ નક્કી કરી હતી. મા - ને નવકાર ને પાણી જોઈતા હતા, મળ્યા. મા - ને સમાધિ જોઈતી હતી, મળી. મા - એ જે ધાર્યું એ થયું. મા - રાજા હતી. અને છે'ક સુધી રાજા રહી.




યાદ આવે મોરી મા

# યાદ આવે મોરી મા

બાળકે મા - ના ઘણા ન સમજાતા નિર્ણયો સ્વીકાર્યા છે. મા - એ સમર્પણનું ધાવણ ખૂબ ખૂબ પાયું એનું એ ફળ હતું. પણ મા - નો આ નિર્ણય હજી સુધી બાળક સ્વીકારી નથી શકતો. ભલે એનો અમલ સુદ્ધા થઈ ચૂક્યો છે.

વાત છે **2nd last** દિવસની. બાળક મા પાસે હતો. મા અડધા ઘેનમાં. સેવા કરતા એક બીજા બાળકે મા - ને પરાણે દવા વપરાવી.  પછી તરત એ બાળકે મા - ને કહ્યું, "મારાથી રિસાયા નથી ને ?" મા - એ તરત માથું હલાવી ના પાડી. બાળકે કહ્યું, "કૃપાદ્રષ્ટિ રાખજો." મા - ના રાજાપણાનું આ સૌથી મજબૂત પ્રમાણપત્ર હતું.  જીવનના છેવાડે - ૯૦ વર્ષની વયે - વ્યક્તિ પોતે એમ ઈચ્છે કે ઘરવાળા એનાથી નારાજ ન થાય ને એને સાચવે. મા - ની એ વયે - પૂર્ણ પથારીવશ સ્થિતિમાં - વિદાયના આગલા દિવસે - ખડે પગે સેવા કરનાર બાળક એમ ઈચ્છે કે મા મારાથી બિલકુલ નારાજ ન થાય. મારા પર એની કૃપાદ્રષ્ટિ બની રહે.... આ મા - નું સ્પષ્ટ રાજાપણું હતું.  પ્રાય: ૧૦ જ સેકન્ડનો આ સંવાદ હશે. પણ એ સાંભળીને બાળકની આંખોમાં આંસુ આવી ગયા હતા.



# યાદ આવે મોરી મા



બાળકને એક જ મા હતી., પણ મા - ને ઘણા બાળક હતા. આ બધી વાત બાળકે પોતાની બાજુથી કરી છે. આ રીતે મા - ના દરેક બાળકની પોતાની બાજુ છે. મા - ના બાળકો એક સે બઢકર એક છે. આ લખાણ નો એવો અર્થ ન લેવો કે મા - નું આ બાળક જ હતું કે આ બાળક જ વિશિષ્ટ હતું. આ બાળક તો ફક્ત મા - ના પગની ધૂળ હતું. આ બાળકને શરમ આવે એવા મા - ના ઘણા બાળકો છે  બાળકે તો ફક્ત પોતાની બાજુથી પોતાની વાત રજુ કરીને પોતાનું હૈયું ઠાલવ્યું છે.

++++++++++++++++++++++++++++++++++++++++++++++++

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્

# યાદ આવે મોરી મા, યાદ આવે ગુરુમા



યાદ આવે મોરી મા, યાદ આવે ગુરુમા
સંયમ દાતા જનની મોરી,યાદ આવે ગુરુમા

બોલતા શીખ્યો હું તો જ્યારથી,
જિનવાણીના પાઠ દેતી

મહાવીર, ઋષભ, સીમંધરની વાતો કાનમાં કહેતી,
કેવી વૈરાગી ગુરુમા, કેવી ઉપકારી ગુરુમા

ઘોર સંસારથી તારી મુજને, દીક્ષા જેણે દીધી,
ભવભયાનક જંગલની તો, વાટ છોડાવી દીધી

વત્સલ સુરત ગુરુમા, મારી સ્નેહલ સુરત ગુરુમા

વિષય-કષાય, રાગદ્વેષથી તો અમને છેટા રાખ્યા,
ધાવણ આગમના પીવડાવીને, પાયા વૈરાગ્યના નાંખ્યા
કેવી હિતસ્વી ગુરુમા, કેવી પ્રેમાળ ગુરુમા

प्रधान मंत्री

Prime Minister

## <u>સંદેશ</u>

પ.પૂ. આચાર્ય શ્રીમદ વિજય હેમચંદ્ર સુરીશ્વરજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યા એ જાણી દુઃખ થયું.

ધર્મ ચિંતન અને સમાજસેવા દ્વારા મહારાજ સાહેબ માનવ જીવનના પરિવર્તન માટે સતત પ્રયત્નશીલ રહ્યા. તેમના સત્કાર્યો અને સદવિચાર સમાજ માટે સદૈવ પ્રેરણાસ્રોત બની રહેશે.

તેમના મહાપ્રયાણથી અધ્યાત્મ જગતને ખોટ પડી છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ આપે.

(નરેન્દ્ર મોદી)

નવી દિલ્હી

૧૨ અષાઢ, શક સંવત ૧૯૪૩

૦૩ જુલાઈ, ૨૦૨૧

**Trustee**
**Shri Bhidbhanjan Parshvanath Jain Derasar**
**Shri Godavari Jain Sangh**
**Vasna, Ahmedabad**
**Gujarat**



**Vijay Rupani**
@vijayrupanibjp

પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના સમાધિપૂર્વક દેવલોક પામવાના સમાચારથી શોકમગ્ન છું.

સમગ્ર આધ્યાત્મ જગતને હેમચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબની ખુબ જ મોટી ખોટ પડશે.

પ્રભુ પુજ્ય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના દિવ્ય આત્માને સદ્ગતિ અર્પે.

ૐ શાંતિ...

Translate Tweet

10:00 AM · Jun 29, 2021 · Twitter for iPhone

**વિજય રૂપાણી**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

Apro/kp/2021/06/29/vj

તા. ૨૯-૦૬-૨૦૨૧

પરમ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્

વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજા આદિ ગુરૂ ભગવંતો તથા ગુરૂ ભક્તો,

જય જિનેન્દ્ર.

પ્રખર રાષ્ટ્રવાદી અને સંસ્કૃતિ પ્રેમી વૈરાગ્યદેશનાદક્ષ જૈન ધર્માચાર્ય શ્રી હેમચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબના કાળધર્મના સમાચાર સાંભળી અત્યંત આઘાતની લાગણીનો અનુભવ થયો.

તેઓશ્રીની અસ્વસ્થ તબિયત અંગે આપશ્રીએ આપેલા સમાચારથી અવગત થવાનુ થયું દર્શનાર્થે ઉપસ્થિત થવાની ઈચ્છા પૂર્ણ ન થઈ અને આચાર્યશ્રી આ દુનિયામાંથી વિદાય થયા.

ધર્મસેવાની સાથે સાથે સંસ્કૃતિ, રાષ્ટ્રસુરક્ષા અને સંસ્કૃતિને સદાય સંપન્ન બનાવવાના એમના પ્રયાસો વંદનીય હતા. એક સ્વાતંત્ર્ય સેનાની તરીકે પણ સ્વાધિનતા આંદોલનનાં પ્રખર યોગદાનથી એમનું નામ સદાય અમર રહેશે.

તપ, ત્યાગ અને વૈરાગ્યની ભૂમિકાને શ્રેષ્ઠતમ રીતે નિભાવી જાણનારા આચાર્યશ્રી હેમચંદ્રસુરિશ્વરજી સાહેબને મારી નમ્ર હૃદયે શ્રદ્ધાંજલિ પાઠવું છું.

આપનો,

(વિજય રૂપાણી)

To,
**Shree Abhaybhai Sudhirbhai Shah,**
*Giriraj Gunjan,*
Samast Mahajan, 4, Sanidhya Building,
Ground Floor, Opp. Sanyas Ashram, Ashram Road,
Ahmedabad-380009
Email. creativeprakashan9@gmail.com
Mo. 9428702794, 9998612375

# આચાર્ય વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. ગોદાવરીનગર જૈનસંઘમાં કાળધર્મ પામ્યા

## તેઓ સ્વતંત્રતા સેનાની પણ હતા, આધ્યાત્મ જગતને મોટી ખોટ પડશે: મુખ્યમંત્રી

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

જૈનાચાર્ય શ્રીમદ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. સોમવારે રાત્રે 2.42 વાગ્યે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. મંગળવારે સવારે 11 વાગ્યે શાહી સન્માન સાથે



તેમની પાલખી યાત્રા વાસણાના ગોદાવરીનગર જૈન સંઘ ખાતેથી નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં જૈન અગ્રણીઓ, શ્રાવક-શ્રાવિકાઓ જોડાયાં હતાં. ત્યાર બાદ પરિમલ પ્રેમકુંજ ખાતે તેમના અંત્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ પહેલાં બુદ્ધિસાગર જૈન ઉપાશ્રયમાં પાલખીના ચઢાવા બોલાવવામાં આવ્યા હતા.

જૈનાચાર્યે લગભગ એક હજાર પ્રાચીન શાસ્ત્રોના ઉદ્ધાર માટે તેમનું શ્રેષ્ઠ કક્ષાનું પ્રકાશન કરાવ્યું હતું. તેમણે જાતે શતાધિક પુસ્તકોનું લેખન કર્યું હતું. તેમણે કિશોરાવસ્થામાં દેશની આઝાદીની ચળવળમાં પણ ભાગ લીધો હતો. પોતાના 70 વર્ષના વિરાટ સંયમ જીવનમાં ગામેગામ પગપાળા જઈને લોકોપકારનાં કાર્યો પણ કર્યાં હતાં.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શોકની લાગણી વ્યક્ત કરતા કહ્યું કે, સમગ્ર આધ્યાત્મ જગતને હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની મોટી ખોટ પડશે. તેમણે ધર્મસેવાની સાથે સાથે રાષ્ટ્રસુરક્ષા અને સંસ્કૃતિને સંપન્ન બનાવવાના પ્રયાસો કર્યા હતા. એક સ્વતંત્રતા સેનાની તરીકે પણ સ્વાધિનતા આંદોલનમાં પ્રખર યોગદાનથી તેમનું નામ સદાય અમર રહેશે. પોરબંદરના સાંસદ રમેશ ધડુકે પણ આચાર્યશ્રીના દેવલોકગમન અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

### પાલખી યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા



### વાસણામાં આજે ગુણાનુવાદ સભા યોજાશે

વાસણાના ગોદાવરીનગર જૈન સંઘમાં પ્રેમ-ભુવનભાનુસૂરી સમુદાયના આ. ભ. હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની ગુણાનુવાદ સભા બુધવાર સવારે 8.45 વાગ્યે તપાગચ્છાધિપતિ આચાર્ય મનોહરકિર્તિસાગર સૂરીશ્વરજી મ.સા. આદિ ગણમાન્ય ગુરુભગવંતોની નિશ્રામાં યોજાશે.

WEDNESDAY, 30•06•2021

## હિંસામુક્ત વિશ્વ માટે રોજ એક મિનિટ પ્રાર્થના કરતા હતા

# જૈનાચાર્ય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.નો નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલીન થયો




। અમદાવાદ ।

પૂ.જૈનાચાર્ય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સોમવારના રાતે ૨.૪૨ વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. જેની જાણ થતા જૈન સમાજમાં શોકની લાગણી ફરી વળી હતી. જૈનાચાર્ય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજની પાલખી-અંતિમયાત્રા અમદાવાદ-વાસણા-ગોદાવરી જૈન સંઘ ખાતેથી આજે નીકળી પાલડીના મુખ્યમાર્ગોથી ફરીને પરિમલ પ્રેમકુંજ મુકામે અગ્નિસંસ્કાર થયા હતા. આ સમયે જૈન સમુદાયના શ્રાવકો, શ્રાવિકા સહિતના દર્શનનો લાભ લેવા માટે ઉમટી પડયા હતા. જૈનાચાર્ય વૈરાગ્યદેશનાદક્ષ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજને અગ્નિ અર્પણ કરવાની ઉછામણી ૧,૧૧,૧૧,૧૧૧ કરોડ બોલાઈ હતી. જ્યારે વિવિધ ઉછામણી કુલ ૨,૩૦,૦૦,૯૨૫ની બોલાઈ હતી.

પ.પૂ. હેમચન્દ્રસૂરીજીનું એક વિરાટ સ્વપ્ન હતું. હિંસામુક્ત વિશ્વ. આખા વિશ્વમાંથી બધી પ્રકારની હિંસાઓ નાબુદ થઈ જાય તે માટે રોજ ૧ મિનિટ પ્રાર્થના કરવી, પોતે જોડાવું, બીજાને જોડવા. આચાર્ય હિંસાના તાંડવથી ખૂબ વ્યથિત હતા. સુખી જીવનનો ઉપાય અહિંસા જ છે, આવો સંદેશ તેઓ જીવનભર આપતા રહ્યા હતા. તેમણે લગભગ ૧,૦૦૦ જેટલા પ્રાચીન શાસ્ત્રોનો ઉદ્ધાર કરવા માટે તેમનું શ્રેષ્ઠ કક્ષાનું પ્રકાશન કરાવ્યું હતું. સ્વહસ્તે શતાધિક પુસ્તકોનું લેખન કર્યું હતું. ૭૦ વર્ષના વિરાટ સંયમ જીવનમાં ગામેગામ પગપાળા કર્યા હતા. કિશોર વયે ભારતની આઝાદીની ચળવળમાં પણ ભાગ લીધો હતો. ભારતની આઝાદીનો સાચો ઈતિહાસ ગણતરીની મિનિટોમાં તેઓ સમજાવી શકતા હતા.

**મંગળવારે પાલખીયાત્રા નીકળી, અગ્નિદાહ માટે ૧.૧૧ કરોડની ઉછામણી**

મારે કરવા છે શાસનના કાજ, ગમે તેવા
સંકટોમાં ઝઝૂમવું પડે તો ઝઝૂમીને, ગમે તેવા
અંધારે અટવાવું પડે તો અટવાઈને, ગમે તેવી
ખીણોમાં અથડાવું પડશે તો અથડાઈને,
કૂટાઈને, કપાઈને, મરીને પણ મારે મારા
પ્રભુના શાસનને ઊંચે લાવવું જ રહ્યું.



સંસારનું ઉત્કૃષ્ટ સુખ પણ
અધ્યાત્મ સુખ આગળ
બિંદુ સમાન છે.



| **હિંસા** | **અહિંસા** |
| --- | --- |
| એ જ દુનિયાના બધાં દુ:ખોનું મૂળ છે | એ જ દુનિયાના બધાં સુખોનું મૂળ છે |

VIOLENCE FREE WORLD

www.vfw.life

# હિંસા મુક્ત વિશ્વ
## વૈચારિક અભિયાન

એક વૈચારિક - આહ્વાન

શેષ આયુષ્યમાં એટલું જ માટે ચિંતન કરો

" વિશ્વ હિંસાથી મુક્ત બનો
અહિંસાનું સામ્રાજ્ય વિસ્તરો
સર્વ પ્રકારની હિંસાઓ દૂર થાય "

હજારો લાખો માણસોના આ ચિંતનથી
સમસ્ત વિશ્વ રૂપાળું થશે.

હેમચંદ્રસૂરિ

visit: www.vfw.life

To Download App

GET IT ON Google Play